દાહોદ જિલ્લાના પીપલોદ અને ચાકલીયા આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ
સચિવલાય, ગાંધીનગર
તા.૧૨/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૦૭/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ

(૨) પોલીસ અધિક્ષકશ્રી, દાહોદનો તા.૧૦/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:ક/મકન/સીબી-૧/૪૧૪/૨૦૨૧

ઠ રા વ:-

રાજયના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે વિવિધ હેતુસર નવી સેવા વર્ષ-૨૦૨૦-૨૧ હેઠળ સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ-૭૬૧૦ જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે. તે પૈકી કુલ-૧૬૬૬ જગ્યાઓને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા રાજયમાં શહેર/ટાઉન/ગ્રામ્ય/કક્ષાએ નવીન પોલીસ સ્ટેશન શરૂ કરવા પોલીસ સબ ઇન્સપેકટરના પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સપેકટરમાં અપગ્રેડ કરવા તથા નવી પોલીસ ચોકી/આઉટ પોસ્ટ શરૂ કરવા મંજુર કરવામાં આવેલ છે.

૨. સંદર્ભ(૨)માં દર્શાવેલ પોલીસ અધિક્ષકશ્રી, દાહોદના તા.૧૦/૦૧/૨૦૨૧ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત મુજબ દાહોદ જિલ્લાના પીપલોદ અને ચાકલીયા આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી પૃખ્ત વિચારણાને અંતે દાહોદ જિલ્લાના પીપલોદ અને ચાકલીયા આઉટ પોસ્ટને અપગ્રેડ કરી નવા પીપલોદ પોલીસ સ્ટેશન અને ચાકલીયા પોલીસ સ્ટેશન શરૂ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે તથા પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ જરૂરી સ્ટાફ ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

(ડી.એ.શાહ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, પંચમહાલ-ગોધરા
- પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા અને વ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઇ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ ઠરાવ ગૃહ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

ગૃહ વિભાગના તા.૧૨/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ નું બિડાણ

પત્રક-૧

| અ.નં | જિલ્લાનુ નામ | પોલીસ સ્ટેશનના નામ | અનાર્મ પી.એસ.આઇ | અનાર્મ એ.એસ.આઇ | અનાર્મ હેડ કોન્સ્ટેબલ | અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ | ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | પીપલોદ પોલીસ સ્ટેશન | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૩ | ૫૯ |
| ૨ | દાહોદ | ચાકલીયા પોલીસ સ્ટેશન | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૨ | ૫૮ |
| | | કુલ | ૨ | ૮ | ૩૮ | ૬૪ | ૫ | ૧૧૭ |

(ડી.એ.શાહ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ